સત્યમેવ જયતે

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
એક્સ્ટ્રા ચીટનીશ શાખા, પ્રથમ માળ,
જિલ્લા સેવા સદન, ભરૂચ – ૩૯૨૦૦૧
ફોન નં. ૦૨૬૪૨ - ૨૪૩૭૫૧
Email- collector-bha@gujarat.gov.in

ક્રમાંક:એમએજી-૨/નિમણૂક/વશી/૮૨૪/૨૦૨૬ તા.ઈ-સાઈન મુજબ

<u>ભરૂચ જિલ્લા ખાતે ૧ (એક) જિલ્લા પબ્લિક પ્રોસિક્યુટરની નવી જગ્યા ભરવાની જાહેરાત</u>

ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2026/3525/L-1, તા.૧૭/૦૭/૨૦૨૬ થી આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈ સરકારશ્રીએ ભરૂચ જિલ્લા કોર્ટ ખાતે ૧ (એક) જિલ્લા પબ્લિક પ્રોસિક્યુટરશ્રીની જગ્યા ભરવા માટે પેનલ રચવા નિર્ણય કરેલ છે. જે અન્વયે ભરૂચ જિલ્લામાં જિલ્લા ન્યાયાલય ખાતેની કોર્ટમાં ૧ (એક) જિલ્લા પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા ભરવા માટે સને-૨૦૨૩ના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮(૪) મુજબ તથા સરકારશ્રીના પ્રોસિક્યુટીંગ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારનાં કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬ મુજબ પેનલ તૈયાર કરવાની થાય છે. આથી, પ્રોસિક્યુટીંગ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારનાં કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬થી ઠરાવેલ જોગવાઈ અનુસાર નીચે જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા કાયદાના સ્નાતક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

૧ એડવોકેટ તરીકે ઓછામાં ઓછા સાત વર્ષથી સક્રિય હોય,

૨ તેઓ ૩૫ (પાંત્રીસ) વર્ષથી ઓછી ઉમરના ન હોય અને ૬૦(સાઠ) વર્ષથી વધુ ઉમરના ન હોય,

૩ તેઓ મહત્તમ ૬૦(સાઠ) વર્ષની ઉમર સુધી તેઓની ફરજ બજાવી શકશે.

૪ તેઓ પોતાની નિમણૂકના ઓછામાં ઓછા ૫ વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોય.

- આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ અત્રેની કચેરીની વેબસાઇટ **bharuch.nic.in** પરથી ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરીને જન્મતારીખ, અનુભવ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા છેલ્લા પાંચ વર્ષના આવકવેરાના રીટર્ન સામેલ રાખીને અરજી ફોર્મ સ્પીડ પોસ્ટ દ્વારા જ આ કચેરીએ મોડામાં મોડા તા.૨૩/૧૧/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.
- અધુરી વિગતવાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી.
- ઉક્ત ઉમેદવારોની પસંદગી બાદ ઉક્ત જગ્યા ઉપર નિમણૂક પામનાર ઉમેદવારને ધી ગુજરાત પ્રોસિક્યુટીંગ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારનાં કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬ મુજબ ફી તેમજ અન્ય ભથ્થા મળશે.
- ઉમેદવારોને આ બાબતે જ્યારે ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવે ત્યારે તેઓએ પોતાના ખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

(ડૉ.નવનાથ ગવ્હાણે)

જિલ્લા મેજિસ્ટ્રેટ,

ભરૂચ

<u>નકલ જયભારત સહ રવાના:-</u> કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ... (તમામ), ગુજરાત_

<u>નકલ રવાના:-</u>

Signature Not Verified
Signed by : Dr Navnath K Gavhane
Collector
Collector Office, BHARUCH
Date : 2026.11.07 13:43:11 IST

File No: BHR/abcd/e-file/442/2026/7547/MAG-2
Approved By: Collector,Revenue,BHR
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૧)નાયબ સચિવશ્રી, લ-૧ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨)નાયબ માહિતી નિયામકશ્રી, ભરૂચ તરફ જાણ તથા

૨/- જિલ્લાના તમામ દૈનિક સમાચારપત્રમાં વિનામુલ્યે સદર જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ કરવા તથા તેની એક નકલ અત્રેની કચેરી ખાતે દિન-૦૨ મા મોકલી આપવા સારૂ.

(૩) જિલ્લા સરકારી વકીલશ્રી, જિલ્લા ન્યાયાલય, ભરૂચ તરફ આ અંગે જાણ તથા સદર જાહેરાત જિલ્લાના તમામ ન્યાયાલયોમાં પ્રસિદ્ધ થાય તે માટે જરૂરી આનુષંગિક કાર્યવાહી કરવા સારૂં.

(૪) રજીસ્ટ્રારશ્રી, જિલ્લા ન્યાયાલય, ભરૂચ તરફ જાણ તથા જરૂરી આનુષંગિક કાર્યવાહી કરવા સારૂં.

(૫) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, ____ (તમામ), જિ.ભરૂચ.

(૬) મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, ____ (તમામ), જિ.ભરૂચ.

(૭) પ્રમુખશ્રી / ઉપ પ્રમુખશ્રી / સચિવશ્રી, ભરૂચ જિલ્લા બાર મંડળ, જિલ્લા ન્યાયાલય, ભરૂચ.

(૮) District Informatics Officer, NIC , કલેક્ટર કચેરી, ભરૂચ તરફ જાણ તથા સદર જાહેરાત ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રીની વેબ સાઇટ ઉપર પ્રસિદ્ધ કરવા ઘટતી કાર્યવાહી કરવા સારૂં.

* અનુ. નં. ૩ થી ૭ ની કચેરીઓએ પોતાની કચેરીના નોટિસ બોર્ડ પર સદર જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે તથા તે અંગેનો પ્રસિદ્ધિ અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.

Signature Not Verified
Signed by : Dr Navnath K Gavhane
Collector
Collector Office, BHARUCH
Date : 2026.11.07 13:43:11 IST

જિલ્લા પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા માટે અરજીનો નમૂનો

તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ લગાવી ઉમેદવારે સહી કરવી.

નામ:.....

સરનામું:.....

.....

ટેલિફોન નં.....

મોબાઈલ નં.....

તારીખ:...../...../૨૦૨૬.

પ્રતિ,

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,

ભરૂચ.

વિષયઃ- જિલ્લા પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક બાબત.

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષયની તા. / /૨૦૨૬ની જાહેરાતને અનુલક્ષીને ભરૂચ જિલ્લા ખાતે જિલ્લા પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક મેળવવા સારુ નીચેની વિગતો સહ મારી ઉમેદવારી નોંધાવું છું.

(૧) અરજદારનું નામ (અટક) સાથે :-

(૨) (અ) હાલનું સરનામું :-

(બ) કાયમી સરનામું :-

(૩) જન્મ તારીખ અને અરજી તારીખે ઉમર વર્ષ..... માસ.....દિન... :-
(દાખલો સામેલ કરવો)

(૪) જન્મસ્થળ :-

(૫) રાષ્ટ્રીયતા :-

(૬) માતૃભાષા. :-

(૭) શૈક્ષણિક લાયકાત. (પ્રમાણપત્રો સામેલ રાખવા) :-

(૮) કાયદાના સ્નાતક કે તેની સમકક્ષ શૈક્ષણિક પરીક્ષા પાસ કર્યાની તારીખ તથા વિગતો. :-

(૯) એડવોકેટ એક્ટ – ૧૯૬૧ ની કલમ ૧૭ નીચે એડવોકેટ તરીકે રજીસ્ટર્ડ થયા તારીખ. (સનદની નકલ સામેલ રાખવી) :-

(૧૦) વકીલાત કઈ તારીખથી શરૂ કરી અને ક્યાંથી જે કોર્ટમાં વકીલાત શરૂ કરી હોય તે કોર્ટ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર. (નકલ સામેલ રાખવી) :-

(૧૧) જાહેરાતની તારીખ સુધીમાં કરેલ કુલ પ્રેક્ટીસ. :- વર્ષ.....

માસ.....

દિન.....

(૧૨) ઉમેદવાર ની અન્ય લાયકાત જો હોય તો તેની વિગત (આ અંગેના પ્રમાણિત આધારો સામેલ રાખવા) :-

(૧૩) છેલ્લા પાંચ વર્ષના પ્રકારવાર અને વર્ષવાર એકંદરે વાર્ષિક આવક તથા ઈન્કમટેક્ષની વર્ષવાર વિગત (ફાઈલ કરેલ રીટર્નની નકલો અચુક સામેલ રાખવી) :- વર્ષ_____

વાર્ષિક આવક ₹ _____

ભરેલ ઈન્કમટેક્સ ₹_____

(૧૪) અરજદાર સામે કોઈ પોલીસ ગુનો નોંધયો છે? કોઈ કોર્ટમાં કેસ ચાલુ છે? (વિગતો આપવી) :-

(૧૫) (અ) છેલ્લા ત્રણ વર્ષમાં ચલાવેલ ક્રિમીનલ કેસોની વિગત (ફોજદારી દાવાની માહિતી અલગ આપવી) :-

(બ) તે પૈકી કેટલા કેસ/ દાવા અરજીમાં સફળ થયાં. :-

(ક) કેટલા કેસમાં અપીલ કરી. :-

(૧૬) ઉમેદવારે અગાઉ કે હાલમાં એડીશનલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવેલ હોય તો તે ફરજનો સમયગાળો તારીખ સહીત :-

તારીખઃ / /૨૦૨૬. (ઉમેદવારની સહી .....)

સ્થળઃ ભરૂચ (ઉમેદવારનું નામ .....)

બિડાણઃ-

અરજી સાથે જોડેલ પ્રમાણિત નકલોની વિગત	
ક્રમ	વિગત
૧	
૨	
૩	
૪	
૫	
૬	
૭	
૮	
૯	
૧૦	